**આંક :–_____**

GJJN020092242025

<table>
<tr><td colspan="3">કેસ પ્રાપ્તિ તારીખ :</td><td colspan="4">૦૩/૧૨/૨૦૨૫.</td></tr>
<tr><td colspan="3">કેસ દાખલ તારીખ :</td><td colspan="4">૦૩/૧૨/૨૦૨૫.</td></tr>
<tr><td colspan="3">કેસ નિર્ણિત તારીખ :</td><td colspan="4">૨૨/૦૭/૨૦૨૬.</td></tr>
<tr><td>અવધિ</td><td>૦૦</td><td>વર્ષ</td><td>૦૭</td><td>માસ</td><td>૧૯</td><td>દિવસ</td></tr>
</table>

**જુનાગઢના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ,**

**મું. જુનાગઢ.**

**ફોજદારી કેસ નં.૫૬૮૭/૨૦૨૫.**

**શ્રી સરકાર**

(મુળ ફરિયાદી : વિજયભાઈ ભીખનભાઈ ચાવડા પો.કોન્સ.)

(જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર

નંબર : ૧૧૨૦૩૦૨૫૨૫૦૫૭૫/૨૦૨૫) **– ફરિયાદી.**

**વિરૂધ્ધ.**

**સુનિલભાઈ મનસુખભાઈ પરમાર**

ઉ.વ.આ. ૩૫,

રહેવાસી : વિરપુર ગામ, નદિના કાંઠા પાસે , જુનાગઢ. **– આરોપી.**

ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,જુનાગઢ.

**<u>આરોપ :–</u>** <u>ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ).</u>

---

ફરિયાદ પક્ષ તરફે :– વિધવાન સરકારી વકિલશ્રી ડી.બી.પંચાલ

આરોપી તરફે :– વિધવાન વકીલશ્રી એચ.સી. સાચરીયા

---

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ ગઈ તા. ૦૭/૦૮/૨૦૨૫ નારોજ કલાક ૨૧/૦૦ વાગ્યાના અરશામાં જુનાગઢ મજેવડી ગામ ઉબેણ નદિના કાંઠે કાંટાની ઝાળીમાં એક પ્લાસ્ટીકની થેલીમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાના દારૂની પોલીથીનની કોથળીઓ નંગ ૨૧ જે દેશી પીવાનો દારૂ આશરે લીટર ૨ કિં.રૂ. ૪૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તપાસ દરમ્યાન મળી પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરિયાદ ફરિયાદીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં આપતા, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક–૫ થી તહોમતનામું ફરમાવી આંક–૬ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા, આરોપીઓ સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ

ચલાવવામાં આવેલ.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | પંચસાહેદ રામભાઈ હિરાભાઈ ભારાઈની સોગંદ પરની જુબાની | ૦૯ |
| (૨) | પંચસાહેદ આર્યન યુનુસભાઈ ઠેબાની સોગંદ પરની જુબાની | ૧૧ |
| (૩) | ફરીયાદી વિજયભાઈ ભીખનભાઈ ચાવડાની સોગંદ પરની જુબાની | ૧૨ |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચનામું | ૧૦ |
| (૨) | રીપોર્ટ અને ફરીયાદ | ૧૩અને૧૪ |
| (૩) | પ્રથમ માહિતી અહેવાલ | ૧૫ |
| (૪) | ડેપ્યુટ હુકમ | ૧૬ |
| (૫) | સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ રવાનગી પત્ર અને સેમ્પલ મળ્યાની પાવતી | ૧૭ અને ૧૮ |
| (૬) | સ્ટેશન ડાયરી અંગે રીપોર્ટ | ૧૯ |

(૫) ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે, આ કામે રજુ થયેલ પુરાવા તેમના અથવા તો તેમના વિદવાન વકીલશ્રીના રૂબરૂમાં લેવામાં આવેલ છે. આ સિવાય, આક્ષેપોના સંદર્ભે, આરોપીએ, ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સામે કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદ પક્ષે સરકારી વિધવાન વકીલશ્રી અને આરોપી તરફે વિધવાન વકીલશ્રી નાઓની મૌખિક દલીલો સાંભળી. સરકારી વિધવાન વકીલશ્રી ની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે, જયારે આરોપી તરફે વિધવાન વકીલશ્રી એ રજુઆત કરેલ કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા. ૦૭/૦૮/૨૦૨૫ નારોજ કલાક ૨૧/૦૦ વાગ્યાના અરશામાં જુનાગઢ મજેવડી ગામ ઉબેણ નદિના કાંઠે કાંટાની ઝાળીમાં એક પ્લાસ્ટીકની થેલીમાં ગેરકાયદેસર પાસ પરમીટ વગર દેશી પીવાના દારૂની પોલીથીનની કોથળીઓ નંગ ૨૧ જે દેશી પીવાનો દારૂ આશરે લીટર ૨ કિં.રૂ. ૪૦૦/– નો પ્રોહી મુદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તપાસ દરમ્યાન મળી પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુન્હો કરેલ

છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : **આખરી હુકમ મુજબ.**

(૯) <u>કાયદાકીય બિંદુઓના અનુધાને રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો</u>

**(૯.૧)** ફરીયાદ પક્ષ તરફે મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ રામાભાઈ હિરાભાઈ ભારાઈને આંક–૦૯ થી તથા પંચ સાહેદ આર્યન યુનુસભાઈ ઠેબાને આંક–૧૧ થી તપાસેલ છે. સદરહુ પંચ સાહેદોએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ કે, તેઓ પોલીસ સ્ટેશન પાસેથી જતા હતા ત્યારે પોલીસે તેઓને બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ પંચનામાની વિગત અંગે તેઓ કઈ જાણતા નથી કે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૯.૨)** ત્યારબાદ, ફરિયાદ પક્ષે આંક–૧૨ થી ફરીયાદી વિજયભાઈ ભીખનભાઈ ચાવડાને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં પી.સી. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓ તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મજેવડી ગામ જાગનાથ મંદિર પાસે આવતા બાતમી મળેલ કે ઉબેણ નદીના કાંઠે વિરપુર ગામનો સુનીલ પરમાર દેશી દારૂ સંતાડી પ્રવૃતિ કરતો હોય જેથી ત્યાં તપાસ કરતા એક થેલીમાં દેશી દારૂની ૨૧ કોથળી મળી આવેલ જે પોલીસ સ્ટેશનમાં લાવી બે પંચો રૂબરૂ લીટર ૨ કિં.રૂ.૪૦૦/– નો ગણી પંચનામાની વિગતે સેમ્પલ લઈ કબ્જે લેવામાં આવેલ અને તેઓએ પોલીસ સ્ટેશનમાં આરોપી

વિરુધ્ધ પ્રોહી કલમ ૬૫ એ એ મુજબનો ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ સાથે ફરીયાદ આપેલી જેમા તેઓની તેમજ તેઓના સાથી પોલીસ અધિકારીની સહીઓ છે. તેઓની ફરીયાદ અન્વયે પો.સ્ટે.માં ગુ.રજી.નં. ૫૭૫/૨૫ થી પી.એસ.ઓ. એ ગુનો રજીસ્ટર કરેલ. આ ગુનાની તપાસ શ્રી આર.એમ. ગરચરનાઓને પી.એસ.ઓ. એ સોંપેલ, જે ડેપ્યુટ હુકમ રજુ કરેલ છે. સદરહુ મુદામાલ સેમ્પલ તેઓએ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ જે રવાનગી પત્ર તેમજ સેમ્પલ મળ્યાની પાવતી રજુ કરેલ છે. આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં શ્રી ગરચરે રીપોર્ટ કરેલ.

સદરહું ફરીયાદીની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ફરીયાદમાં પંચોના નામ જણાવેલા નથી. ફરીયાદીએ વધુમાં સ્વીકારેલ છે કે ફરીયાદમાં પેટ્રોલીંગમાં કયા વાહનમાં ગયેલા તેની કોઈ વિગત દર્શાવેલી નથી, પંચનામુ પોલીસ સ્ટેશનમાં કરેલ છે.

**<u>રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન</u>**

**(૧૦)** રેકોર્ડ ઉપર આવેલ મૌખિક અને લેખિત દસ્તાવેજોનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ સદરહુ કહેવાતા કાયદેસરના મુદામાલને પંચોની હાજરીમાં કબજે કરેલ છે જયારે આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓએ જણાવેલ કે તેઓને પંચનામાં વિશે કાઈ માહિતી નથી. આ સિવાય, તે પણ નોંધનીય છે કે આ કામનું રેકોર્ડ જોતા બનાવવાળી જગ્યા, જાહેર જગ્યા હોવાનો અને આરોપીનાઓ બનાવવાળી જગ્યાએ મળી આવેલ ના હોવાનુ રેકોર્ડ પર આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના આરોપીનાઓ કઈ રીતે આ કામના ગુના સાથે સંકળાયેલ છે તે વિગત રેકોર્ડ પર આવી જરૂરી બની જાય છે પરંતુ આવી કોઈ વિગત અત્રેની કોર્ટના રેકોર્ડ પર ફરીયાદપક્ષનાઓ થકી રજુ રાખવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષનાઓના કેસ મુજબ સદરહુ કહેવાતા પકડાયેલ ગેરકાયદેસરના મુદામાલને ચકાસણી સારૂ એફ.એસ.એલ.

ખાતે મોકલાવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ એફ.એસ.એલની ચકાસણી રીપોર્ટ અત્રેની કોર્ટમાં રજુ રાખવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓને ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસની મહત્વપુર્ણ અને અગત્યની વિગતોમાં વિસંગતતા અને નોંધપાત્ર શંકા જણાય આવે છે. ફરીયાદ પક્ષના કેસમાં જયારે નોંધપાત્ર શંકા જણાય આવતી હોય તો તેવા સંજોગોમાં તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર રહે છે.

આમ, ફરીયાદ પક્ષનાઓ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં અસફળ નિવળેલ હોય મુદા નં.૧ નો જવાબ **નકારમાં** આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી સુનિલભાઈ મનસુખભાઈ પરમાર રહેવાસી જુનાગઢ વાળાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ રૂા૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે.

(૩) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ કહેવાતા ગેરકાયદેસરનો મુદામાલ

દારૂને અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું મુદામાલ સંદર્ભે થયેલ હુકમની જાણ નામદાર ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીને કરવી.

આ હુકમ આજ તારીખ **૨૨** મી માહે **જુલાઈ**, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જુનાગઢ,

તારીખ : ૨૨/૦૭/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

જૂનાગઢ.

(GJ-01558)